


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 332
Dt.: 07-10-2025,
Tuesday
Page:04
Rs.00.50 paisa



EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com




# તંત્રી લેખ......

## સર્વ સમાવેશી સંબોધન

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શતાબ્દી નિમિત્તે સરસંઘચાલક મોહન ભાગવતે હિંદુ સમાજને-દેશના લોકોને આપેલો સંદેશો સૂચક અને સર્વસમાવેશક છે. સશક્ત સંગઠિત હિંદુ સમાજ દેશની સુરક્ષાની ગેરંટી છે તેવું કહેવાની સાથે જ તેમણે સાંપ્રત સ્થિતિઓને કેન્દ્રમાં રાખીને કહ્યું કે, અન્ય અર્થવ્યવસ્થાઓ ઉપરની નિર્ભરતા આપણી મજબૂરી ન બને તે જોવું પડશે. દેશ જ્યારે આઝાદીની લડાઈની ચરમસીમાએ હતો ત્યારે જ હિંદુ સમાજને એક કરીને રાષ્ટ્ર નિર્માણના ઉદ્દેશથી સ્થપાયેલાં સંગઠન આર.એસ.એસ.ને સો વર્ષ પૂર્ણ થયાં છે, સમગ્ર દેશમાં સંઘની વિવિધ ભૂમિકા અંગે ચર્ચા ચાલી રહી છે, તે વેળાએ જ મોહન ભાગવતે સ્થાનિકથી લઈને વિશ્વ સ્તરના મુદ્દાઓને પોતાનાં વક્તવ્યમાં આવરી લીધા છે. નાગપુર ખાતે સંઘ મુખ્યાલયે સંબોધન કરતાં તેમણે કહ્યું કે, આપણા દેશની સુરક્ષા અને અખંડતા સંગઠિત અને સશક્ત હિંદુ સમાજ ઉપર આધારિત છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ અનેક વખત તેઓ એવું બોલી ચૂક્યા છે કે, અમે આ દેશના દરેક નાગરિકને હિંદુ માનીએ છીએ. ભારતના એક હિસ્સામાં અને આસપાસના દેશોમાં થયેલા જેન-ઝી આંદોલનનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે, આપણા પડોશી દેશોનો આ અનુભવ થયો છે. શાસન લોકોની નજીક ન હોય કે સંવેદનશીલ ન હોય અથવા તો પ્રજાની સ્થિતિને ધ્યાનમાં રાખીને નીતિઓ બનાવવામાં આવતી ન હોય ત્યારે અસંતોષ ઉત્પન્ન થાય, પરંતુ તેના વિરોધની આવી અભિવ્યક્તિ ફાયદાકારક નથી. ૪૧ મિનિટના વક્તવ્યમાં સામાજિક પરિવર્તન, સરકારના અભિગમ ઉપરાંત અમેરિકાએ લાદેલા ટેરિફથી વિશ્વ સ્તરે ઊભી થયેલી આર્થિક સ્થિતિનો પણ તેમણે ઉલ્લેખ કર્યો છે જે દર્શાવે છે કે, સંઘ સ્થાનિકથી લઈને વૈશ્વિક પ્રવાહો અને પ્રભાવો માટે પણ ચિંતન કરે છે. તેમણે આશાવાદ દર્શાવ્યો અને કહ્યું કે, વૈશ્વિક ચિંતાઓના ઉકેલ માટે સમસ્ત વિશ્વની નજર ભારત તરફ છે. યુવા પેઢી અને બુદ્ધિજીવીઓમાં ભારતના હિતનું ચિંતન વધ્યું છે તે સારી વાત છે, સાથે જ વધી રહેલી કુદરતી આફતો અંગે તેમણે ચિંતા વ્યક્ત કરીને કહ્યું હતું કે, હિમાલયની વર્તમાન સ્થિતિ આપણા માટે લાલબત્તી છે. વિકાસની દિશા સુનિશ્ચિત કરવી તે આપણું કર્તવ્ય છે. રાષ્ટ્રીય પ્રશ્નોથી લઈને કુદરતી હોનારતો સમયમાં લોકોની વચ્ચે રહેલો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ આજે ૧૦૦ વર્ષે કદાચ પહેલી વાર આટલી હદે ખૂલીને, પોતાની વાત જનસમુદાય વચ્ચે લઈને આવી રહ્યો છે. રાષ્ટ્ર સંઘની વર્તમાન સમસ્યાઓના ઉકેલ માટે સંઘનું આ ચિંતન કામ આવી શકે તેવી આશા રાખી શકાય. હકીકતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે અસ્પૃશ્યતા તથા સામાજિક ભેદભાવ સામે સાતત્યપૂર્વક યુદ્ધ કર્યું છે. મહાત્મા ગાંધીએ પણ સંઘની સમાનતા અને ભ્રાતૃભાવની જાહેરમાં પ્રશંસા કરતાં, ગાંધી જયંતી અને વિજયાદશમીની પૂર્વસંધ્યાએ યોજાયેલા સંઘની સ્થાપનાનાં સો વર્ષની ઉજવણીના કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંદિરો, કૂવાઓ અને સ્મશાનભૂમિ પર સૌનો એકસમાન અને સહિયારા અધિકારની વર્તમાન સર સંઘસંચાલક મોહન ભાગવતની વાતને દોહરાવતાં જાતિના આધારે દેશની એકતા-અખંડિતતામાં તિરાડ પાડવાનો પ્રયાસ કરી રહેલા રાજકારણીઓને આડકતરો જવાબ આપ્યો હતો.

# વન્યજીવ સપ્તાહ-૨૦૨૫ અંતર્ગત 'ગીર' ફાઉન્ડેશન ગાંધીનગર ખાતે 'નેચર વોક'નું આયોજન

### 'તૃણાહારી વન્યજીવોની નિવસન તંત્રમાં ખાસ ભૂમિકા' તેમજ સ્વદેશી અભિયાનને બળ આપવા માટીમાંથી રમકડાં બનાવવા અંગે વર્કશોપ યોજાયો

'ગીર' ફાઉન્ડેશન દ્વારા તા. ૦૨ થી ૦૮ ઓક્ટોબર-૨૦૨૫ વન્યજીવ સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે આજે તા. ૦૫ ઓક્ટોબરના રોજ ગાંધીનગર ખાતે 'નેચર વોક'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦ થી વધુ સ્થાનિક યુવા-યુવતીઓ સહિત બાળકો સહભાગી થયા હતા. આ નેચર વોકમાં તેઓને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના વન વિસ્તારોમાં વન ભ્રમણ સાથે વન્યજીવો, નિવસન તંત્ર, પર્યાવરણના વિવિધ ઘટકો, પક્ષી દર્શન, વનસ્પતિ દર્શન સહિત માનવ-વન્યજીવ સહજીવન જેવા વિવિધ પાસાઓ પર પ્રત્યક્ષ વિગતો આપીને માહિતગાર કર્યા હતા. આ સાથે ગાંધીનગર હોમગાર્ડ બટાલિયન માટે ખાસ જાગૃતિ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫૦ થી વધુ હોમગાર્ડના જવાનો જોડાયા હતા. તેઓને હોમગાર્ડના જવાનો ખાસ કરીને વનવિસ્તાર નજીક માનવ-વન્યજીવ ઘર્ષણ સમયે તેઓ કેવી રીતે મદદરૂપ થઈ શકે છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી અને વન્યજીવ રેસ્ક્યુ અંગે પણ વિવિધ માહિતી આપવામાં આવી હતી તેમ, ગીર ફાઉન્ડેશન ગાંધીનગરની યાદીમાં જણાવ્યું હતું. આ ઉપરાંત 'ગીર' ફાઉન્ડેશન દ્વારા વન્યજીવ સપ્તાહના ઉદ્દેશની પરિપૂર્તિ કરવા માટે "તૃણાહારી વન્યજીવો" થીમ નક્કી કરવામાં આવી હતી. તૃણાહારી વન્યજીવો નિવસન તંત્રમાં એક ખાસ ભૂમિકા ભજવે છે. તૃણાહારી વન્યજીવો વનસ્પતિજન્ય ખોરાક ખાઈને બીજવિકિરણ, વૃક્ષોના પુનર્જનન અને વન વૃદ્ધિમાં મહત્વની ભૂમિકા ભજવે છે સાથોસાથ માંસાહારી પ્રાણીઓને પણ ખોરાક પુરો પાડીને નિવસન તંત્રની પ્રક્રિયાઓને ધબકતી રાખે છે. ગુજરાતમાં ચિત્તલ, સાબર અને ભેંકર એ હરણની જાતિઓ જોવા મળે છે જ્યારે કાળીયાર, નીલગાય, ચોશિંગા અને ચિંકારા એ મૃગની જાતિઓ છે. આ વન્યજીવોના મહત્વ અંગે મુલાકાતીઓને ડોક્યુમેન્ટ્રી નિદર્શન મારફતે જાગૃત કરવામાં આવ્યા હતાં. આ સિવાય ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે આત્મનિર્ભર ભારતના મંત્રને ચરિતાર્થ કરવા માટીમાંથી વન્યજીવોના રમકડાં બનાવવા જેવી સુંદર પ્રવૃત્તિનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં ચાકડા પર માટીના કોડીયા, વાસણો વગેરે સહિત માટીમાંથી રમકડાં બનાવાનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં બાળકોએ માટીના વિવિધ વન્યજીવોના રમકડા બનાવાતા શિખ્યા હતા અને પોતે બનાવીલ રમકડાં સાથે લઈ ગયા હતા. મોટેરાઓએ પણ માટી ખૂંદીને પોતાનું બાળપણ યાદ કર્યું હતું. આ કાર્યમાં ૧૦૦ થી વધુ ભાઈ-બહેનો અને બાળકોએ સહભાગી થઈને 'ગીર' ફાઉન્ડેશનની સર્જનાત્મક પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

- જનક દેસાઈ





### ગુજરાતનાં અર્થતંત્રમાં કપાસની ભૂમિકા મહત્વપૂર્ણઃ ગુજરાતની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધીમાં રાજ્યની કપાસ ઉત્પાદકતામાં ૩૭૩ કિ.ગ્રા રૂ પ્રતિ હેક્ટરનો વધારો

# ૭ ઓકટોબર - વિશ્વ કપાસ દિવસઃ કપાસમાં ગુજરાત ૨૩.૭૧ લાખ હે. વાવેતર વિસ્તાર, ૭૧ લાખ ગાંસડી ઉત્પાદન અને ૫૧૨ કિ.ગ્રા રૂ પ્રતિ હેકટરની ઉત્પાદકતા સાથે સમગ્ર દેશમાં દ્વિતીય

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ છેલ્લા બે દાયકામાં કપાસ ઉત્પાદન ક્ષેત્રે ગુજરાતનું ચિત્ર બદલાયુંઃ કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ

મનુષ્ય જીવનની ત્રણ મૂળભૂત જરૂરીયાતો એટલે રોટી, કપડાં અને મકાન. રોટી પછીની મહત્વપૂર્ણ જરૂરિયાત કપડાં માટે કપાસ ખૂબ જ જરૂરી છે. એ જ કપાસના મહત્વને ઉજાગર કરવા સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૭ ઓકટોબરને "વિશ્વ કપાસ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. 'સફેદ સોના' તરીકે ઓળખાતા કપાસ સાથે ગુજરાતનો સંબંધ વર્ષો જૂનો છે. અનેક દાયકાઓથી કપાસના વાવેતર અને સુધારણા માટે ગુજરાત જાગૃત, પ્રયત્નશીલ અને અગ્રેસર રહ્યું છે.

ભારત અને ગુજરાતના અર્થતંત્રમાં કપાસ ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવે છે. તેનું ઉદાહરણ જોઈએ તો, ગુજરાતની વર્ષ ૧૯૬૦માં સ્થાપન થઈ ત્યારે ગુજરાતની કપાસ ઉત્પાદકતા માત્ર ૧૩૯ કિ.ગ્રા રૂ પ્રતિ હેક્ટર હતી, જે આજે વધીને આશરે ૫૧૨ કિ.ગ્રા રૂ પ્રતિ હેક્ટર સુધી પહોંચી છે, જે દેશની સરેરાશ કપાસ ઉત્પાદકતા કરતા પણ વધુ છે. આ આંકડા પરથી જ અંદાજ લગાવી શકાય કે, સંશોધન, વિસ્તરણ, સરકારના ખેડૂતલક્ષી અભિગમ અને ખેડૂતોના અથાગ પ્રયત્નોથી રાજ્યને કપાસ દ્વારા અબજો રૂપિયાની આવક થઈ છે. જે કોઈપણ રાજ્યના અર્થતંત્ર માટે નાની-સૂની બાબત નથી.

કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે કપાસ સંદર્ભે વિગતવાર વાત કરતાં જણાવ્યું હતું કે, ભારત દેશ આઝાદ થયો ત્યારે સુતરાઉ કાપડની મોટાભાગની મીલો ભારતમાં રહી અને કપાસનું સારૂ ઉત્પાદન કરતો પ્રદેશ પાકિસ્તાનના ભાગે ગયો. પરિણામે ભારતમાં કાચા માલની ખેંચ રહેવાથી કિંમતી હુંડિયામણ ખર્ચીને આપણે વિદેશથી કપાસની આયાત કરવી પડતી હતી.

વર્ષ ૧૯૭૧માં સુરત ખાતેના સંશોધન ફાર્મ દ્વારા સંશોધન બાદ વિકસાવેલી કપાસની સંકર-૪ નામની જાત પછી સમગ્ર દેશમાં સંકર કપાસનો યુગ શરૂ થયો અને ટૂંક સમયમાં જ ભારતની કપાસ ઉત્પાદકતામાં ધરખમ વધારો થયો. જેના પરિણામે ભારતની કાચા માલની જરૂરીયાત તો પૂર્ણ થઈ જ, પરંતુ વધારાના ઉત્પાદનની નિકાસ પણ આપણો દેશ કરતો થયો. વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતે રેકોર્ડ બ્રેક રૂ. ૧૭,૯૧૪ કરોડની કિંમતના કપાસનો નિકાસ કર્યો હતો, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રી શ્રી પટેલે જણાવ્યું કે, ગુજરાતનાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ છેલ્લા બે દાયકામાં કપાસ ઉત્પાદન ક્ષેત્રે ગુજરાતનું ચિત્ર બદલાયું છે. તેમના સબળ નેતૃત્વ હેઠળ થયેલા વિવિધ પ્રયાસોના પરિણામે વર્ષ ૨૦૦૧-૦૨ સુધી ગુજરાતમાં કપાસનો વાવેતર વિસ્તાર જે ૧૭.૪૯ લાખ હેક્ટર હતો, તે વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં વધીને ૨૩.૭૧ લાખ હેક્ટર થયો છે. સાથે જ, કપાસનું ઉત્પાદન પણ ૧૭ લાખ ગાંસડીથી વધીને વર્ષ ૨૦૨૪-૨૫માં ૭૧ લાખ ગાંસડી અને ઉત્પાદકતા ૧૬૫ કિ.ગ્રા. રૂ પ્રતિ હેક્ટરથી વધીને વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં ૫૧૨ કિ.ગ્રા. રૂ પ્રતિ હેક્ટર સુધી પહોંચી છે.

ગુજરાત આજે કપાસના વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતામાં સમગ્ર દેશમાં દ્વિતીય ક્રમે છે. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૨૧.૩૯ લાખ હેક્ટર વિસ્તારમાં કપાસનું વાવેતર થયું છે અને આ વર્ષે પણ કુલ ૭૩ લાખ ગાંસડી ઉત્પાદન થવાનો અંદાજ છે. આજે દેશના કુલ કપાસ વાવેતરમાં ૨૦ ટકા અને કુલ કપાસ ઉત્પાદનમાં આશરે ૨૫ ટકાનો ફાળો ગુજરાતનો છે. રાજ્ય સરકારની અનેકવિધ પ્રોત્સાહક યોજનાઓ અને કપાસ સંવર્ધનના પ્રયાસોના પરિણામે આવનાર સમયમાં ગુજરાત સમગ્ર દેશના કપાસ ઉત્પાદનનું હબ બનશે અને દેશના કુલ કપાસ ઉત્પાદનમાં ગુજરાતનું યોગદાન સૌથી વધુ રહેશે, તેવો મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મંત્રીશ્રી કહ્યું કે, બીટી કપાસ યુગમાં પણ સમગ્ર દેશમાં બીટી સંકર જાતો વિકસાવવા અને તેની માન્યતા મેળવવામાં ગુજરાત અગ્રેસર રહ્યું હતું. ગુજરાત સરકારના સઘન પ્રયત્નો થકી જાહેર ક્ષેત્રની પ્રથમ ૨ બીટી સંકર જાતો - ગુજરાત કપાસ સંકર-૬ બીજી-૨ અને ગુજરાત કપાસ સંકર-૮ બીજી-૨ને વર્ષ ૨૦૧૨માં ભારત સરકાર દ્વારા માન્યતા મળી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૫માં અન્ય બે બીટી સંકર જાતો - ગુજરાત કપાસ સંકર-૧૦ બીજી-૨ અને ગુજરાત કપાસ સંકર-૧૨ બીજી-૨? જાતો વિકાસવીને ગુજરાતે ખેડૂતોને કપાસ વાવેતર માટે બીટી કપાસની ચાર જાતો વાવેતર માટે ઉપલબ્ધ કરાવી. સમગ્ર વિશ્વમાં સતત થઈ રહેલ વસ્તી વધારાના કારણે ભવિષ્યમાં કુદરતી રેસા, વસ્ત્રો, ખાદ્યતેલ અને પશુ આહાર માટેના કપાસીયા ખોળની હાલ કરતા વર્ષ ૨૦૩૦ સુધીમાં દોઢ ગણી અને ૨૦૪૦ સુધીમાં બમણી સંભવિત જરૂરીયાતો ઊભી થશે. આ જરૂરિયાતોને ધ્યાને લઈને સંશોધનો, નવા અને અદ્યતન વિચારો તેમજ ઘરેલું ઉત્પાદનમાં આત્મનિર્ભરતા કેળવી કપાસની નિકાસ કરીને દેશના અર્થતંત્રમાં ગુજરાત અમૂલ્ય ફાળો આપી શકે છે, તેવો મંત્રીશ્રીએ સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો.

- નિતિન રથવી

### પેસેન્જર હવે ઓટો રીક્ષામાં જવા લાગ્યા

## સુરતમાં BRTS બસમાં સવારી કરનારા પેસેન્જરમાં છેલ્લા ૧ વર્ષમાં મોટો ઘટાડો નોંધાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટી અને BRTS બસના પેસેન્જરમાં છેલ્લા એક વર્ષમાં ૫૦,૦૦૦ જેટલા પેસેન્જરનો ઘટાડો નોંધાયો છે. તેના પાછળનું મુખ્ય કારણ શહેરમાં મેટ્રોની કામગીરી, બ્રિજની કામગીરી, રસ્તાઓ ઉપર ખાડાઓના કારણે તથા છેલ્લા ૧ વર્ષમાં નવા ટ્રાફિક સિગ્નનલના કારણે પણ ભારે ટ્રાફિકની સમસ્યાઓ વધી છે. જેની સીધી અસર પાલિકા સંચાલિત સીટી અને BRTS બસો ઉપર થઈ રહી છે. જેને કારણે બસ રાબેતા મુજબ કરતા ૩૦થી ૪૦ મિનિટ મોડી થઈ રહી છે, જેથી બસમાં પેસેન્જરો ઘટ્યા હોવાની વાત સામે આવી છે. સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટી અને BRTS બસના છેલ્લા એક વર્ષમાં ૫૦,૦૦૦ જેટલા પેસેન્જરમાં ઘટાડો નોંધાયો છે. ત્યારે આ બાબતે સુરત મહાનગરપાલિકાના પરિવહન સમિતિ ચેરમેન સોમનાથ મરાઠે જણાવ્યું કે સુરત શહેરમાં આજની તારીખમાં બધે જ ટ્રાફિક જામની સમસ્યા ખૂબ જ જોવા મળી રહી છે. જેને કારણે અમારી રાબેતા મુજબ ચાલતી સીટી અને BRTS બસો ૩૦થી ૪૦ મિનિટ મોડી થઈ રહી છે અને બસમાં પેસેન્જરો ઘટી રહ્યા છે. તેના પાછળનું કારણ જોવા જઈએ તો શહેરમાં મેટ્રોની કામગીરી, બ્રિજની કામગીરી, રસ્તાઓ ઉપર ખાડાઓના કારણે તથા છેલ્લા એક વર્ષમાં નવા ટ્રાફિક સિગ્નનલના કારણે પણ ભારે ટ્રાફિકની સમસ્યાઓ વધી છે.તેના કારણે કેટલાક બસોના રૂટ પણ બદલવામાં આવ્યા છે. કેટલીક બસો સીધે સીધી પોતાના ગંતવ્ય સ્થાન ઉપર પહોંચતી હતી, પરંતુ હવે તે બસો અન્ય સ્થાનો ઉપરથી પોતાના ગંતવ્ય સ્થાન ઉપર પહોંચી રહી છે, જેથી પહેલાના રૂટમાં જે સ્ટોપેજ હતી, ત્યાં કેટલાક પેસેન્જર ઉતરી જતા હતા, તે પેસેન્જર હવે ઓટો રીક્ષામાં જવા લાગ્યા છે. આવા શહેરમાં કુલ ૨૨ સ્થળો છે, જ્યાં તમે આવી તમામ પ્રકારની સમસ્યાઓ સર્જાઈ રહી છે. કેટલાક પેસેન્જરને વહેલા પહોંચવાનું હોય પરંતુ ટ્રાફિકના કારણે પહોંચી શકતો નથી અંતે તે પેસેન્જર બસની જગ્યાએ ઓટોરિક્ષામાં જઈ રહ્યો છે.તે સાથે ટ્રાફિક જામના કારણે કેટલાક વાહનો BRTS લેનમાં પણ ચલાવતા જોવા મળે છે, તેઓને પૂછે છે ત્યારે તેઓ જવાબ આપે છે કે તમે પહેલા ટ્રાફિકની સમસ્યા દૂર કરો તો અમે BRTS લેનમાં નહીં જઈએ આવા અનેક પ્રશ્નો લોકો દ્વારા કરવામાં આવતા હોય છે. તે સાથે હાલ શહેરમાં પાલિકા સંચાલિત બસોની સંખ્યામાં પણ અછત છે તો તે બસો માર્ચ એપ્રિલ સુધીમાં આવશે. આવી ઘણી બધી સમસ્યાઓને કારણે સીટી અને BRTS બસના છેલ્લા એક વર્ષમાં ૫૦,૦૦૦ જેટલા પેસેન્જરમાં ઘટાડો નોંધાયો છે.

## જામનગરમાં જીએસટી વિભાગની સતત ચોથા દિવસે પણ કાર્યવાહી યથાવત

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરમાં જીએસટી વિભાગની સતત ચોથા દિવસે પણ કાર્યવાહી યથાવત રહી હતી. જીએસટીની રાજ્યની વિવિધ ટીમો દ્વારા શહેરની વિવિધ ૨૦ પેઢીઓમાં કાર્યવાહી ચાલુ છે.રજા ના દિવસે પણ આ કાર્યવાહી મોડી રાત્રે સુધી ચાલી હતી.અત્યાર સુધીમાં લગભગ ૧૫ જેટલા લોકોના નિવેદન લેવામાં આવ્યા છે.આ કેસના મુખ્ય માસ્ટર માઈન્ડ ગણાતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અલ્કેશ પેઢડીયા જીએસટીની ટીમ સમક્ષ હજુ સુધી હાજર થયા નથી.

સૂત્રો અનુસાર, અલ્કેશ પેઢડીયા દ્વારા અનેક બેનામી હિસાબો ચાલી રહ્યા હતા અને લોકોના વિશ્વાસનો દુરુપયોગ કરી તેમના નામે કરોડોના બેનામી હિસાબો બનાવાયા હતા. જીએસટી વિભાગ દ્વારા આ બાબતે ચકાસણીની દિશામાં ચોથા દિવસે પણ તીવ્ર ગતિએ કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે.

### ઉત્તર ગુજરાતની VGRCમાં જાપાન, દક્ષિણ કોરિયા, વિયેતનામ અને નેધરલેન્ડ સહિતના વૈશ્વિક દેશોની ભાગીદારી

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે મહેસાણામાં VGRCનું ઉદ્ઘાટન, ઉત્તર ગુજરાતમાં વૈશ્વિક વ્યાપાર અને ઉદ્યોગસાહસિકતાનો ઉત્સાહ ઉજાગર થશે

ઉત્તર ગુજરાત માટે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)નું આયોજન ૯-૧૦ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ મહેસાણાની ગણપત યુનિવર્સિટીમાં કરવામાં આવ્યું છે. આ આયોજન ઉત્તર ગુજરાતની 'વિકસિત ગુજરાત-વિકસિત ભારત @૨૦૪૭'ની યાત્રામાં એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ ભવ્ય સંમેલનનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે ભારત સરકારના રેલવે, સૂચના અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ; ઈસરોના ચેરમેન ડૉ. વી. નારાયણન અને ભારતીય વાયુ સેનામાં ગ્રુપ કેપ્ટન અને ભારતના પ્રથમ અંતરિક્ષ યાત્રી શ્રી શુભાંશુ શુક્લા પણ ઉપસ્થિત રહેશે.

ઉદ્ઘાટન સમારોહ પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ અન્ય મહાનુભાવો VGRC પ્રદર્શનની મુલાકાત લેશે, જ્યાં વિવિધ ક્ષેત્રોની અત્યાધુનિક નવીનતાઓ, ઉત્પાદનો અને ટેક્નોલોજીનું પ્રદર્શન કરવામાં આવશે. આ કાર્યક્રમ આત્મનિર્ભર ભારત, વોકલ ફોર લોકલ અને ટકાઉ આર્થિક વિકાસના વિઝનને આગળ વધારવા માટે ઈનોવેટર્સ, ઉદ્યોગસાહસિકો, રોકાણકારો, MSMEs, સ્ટાર્ટઅપ્સ, વિદેશી ખરીદદારો, મોટી કંપનીઓ, સરકારી વિભાગો, PSUs અને વૈશ્વિક ભાગીદારોને એકસાથે લાવશે.

ઉત્તર ગુજરાત ફર્ચ્ઈઝમાં આંતરરાષ્ટ્રીય સહભાગિતા પણ વ્યાપક રીતે જોવા મળશે, જેમાં ભાગીદાર દેશોમાં જાપાન, દક્ષિણ કોરિયા અને વિયેતનામ સામેલ છે. કૃષિ ક્ષેત્ર સાથે સંબંધિત વિશેષ સેમિનારો માટે નેધરલેન્ડ પણ એક ભાગીદાર દેશ તરીકે જોડાશે. આ આયોજનમાં વિશ્વ બેંક, જાપાન એક્સ્ટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (JETRO), રશિયન સંઘનું વ્યાપાર પ્રતિનિધિમંડળ, ઈન્ડો-કેનેડિયન બિઝનેસ ચેમ્બર (ICBC) અને યુએસ-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ (USISPF) જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓની ભાગીદારી રહેશે.

લગભગ ૧૮ હજાર વર્ગમીટરના વિશાળ પ્રદર્શન ક્ષેત્રમાં ટ્રેડ શૉનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા તેમજ નવીનીકરણીય ઊર્જા ક્ષેત્ર સાથે સંકળાયેલા ૪૦૦થી વધુ પ્રદર્શકો ભાગ લેશે. તે સિવાય ટોરેન્ટ, વેલ્સ્પન, NHPC, NTPC, કોસોલ, સુઝલોન, અવાડા, નિરમા, INOX, અદાણી, મારુતિ સુઝુકી, પાવરગ્રીડ કૉર્પોરેશન લિમિટેડ અને ONGC જેવી અગ્રણી કોર્પોરેટ કંપનીઓ પણ જોડાશે.

ઉભરતી તકો અને ટકાઉ નવીનતાઓને પ્રકાશિત કરવા માટે, આ કાર્યક્રમમાં જાહેર ક્ષેત્રના એકમો, MSMEs, કુટીર ઉદ્યોગો અને ગ્રામીણ સ્ટાર્ટઅપ્સ સહિત કૃષિ-ટેક, ગ્રીન એનર્જી અને ફૂડ-ટેક માટે વિશેષ પેવેલિયન સ્થાપિત કરવામાં આવશે, જે ભારતની ઉદ્યોગસાહસિકતાની ઈકોસિસ્ટમનું વૈવિધ્યસભર પ્રદર્શન કરશે.

ભારતની વધી રહેલી આંતરરાષ્ટ્રીય ભાગીદારીને ધ્યાનમાં રાખીને આ સમારોહમાં જાપાન, દક્ષિણ કોરિયા અને વિયેતનામ માટે વિશેષ આંતરરાષ્ટ્રીય પેવેલિયનોની પણ વ્યવસ્થા કરવામાં આવશે, જે દ્વિપક્ષીય વ્યાપાર, રોકાણ ભાગીદારી અને ટેક્નોલોજીના આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપશે.

# જગદીશ વિશ્વકર્માની ટીમમાં કોણ ? ચર્ચાનો દોર શરૂઃ કેટલાક ધારાસભ્યોએ લોબીંગ શરૂ કર્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં લાબી ચર્ચા બાદ નવા પ્રદેશ પ્રમુખ તરીકે રાજયના મંત્રી જગદીશ વિશ્વકર્માને જવાબદારી સોંપાયા બાદ હવે એક તરફ મંત્રી મંડળમાં પણ ફેરફારની ચર્ચા અને આશા બંને વધ્યા છે. તે વચ્ચે નવા પ્રદેશ પ્રમુખની ટીમમાં કોણ કોણ હશે તે અંગે પણ પક્ષના અગ્રણીઓ પોતાનો ચાન્સ લાગે તે માટે નવા પ્રમુખના છેડા શોધવા અને બોલીંગ કરવાના માર્ગો શોધી રહ્યા છે. અગાઉ સીઆર પાટીલની સાથે જે જુની ટીમ કમલમમાં બેસતી હતી તેમાં બે મહામંત્રીઓએ અધવચ્ચેથી જ પદ છોડવુ પડયુ હતું. તો પાટીલના શાસનમાં જે રીતે નવી કેડરનો સંગઠન તથા સ્થાનિક ચુંટણીમાં સ્થાન મળ્યુ તે સાથે જુની કેડર પાછળ ધકેલાઈ ગઈ હતી.

આમ ભાજપમાં એક મોટો વર્ગ ફરજીયાત નિવૃત્તિ જેવી સ્થિતિમાં ધકેલાઈ ગયો હતો. તેઓ પણ પોતે ફરી સક્રિય બનશે તેવી આશા રાખે છે, પાટીલની કામકાજની સ્ટાઈલથી જે સંગઠન રચાયુ તેમાં હાલના પદાધિકારીઓ જે સ્થાનિક રાજકારણમાં સીનીયર, સીટીઝન કે માર્ગદર્શક મંડળ જેવી હાલતમાં ધકેલાઈ ગયા હતા. તેઓ હવે પ્રદેશમાં મંત્રી / ઉપપ્રમુખ જેવુ સ્થાન મળે તેવી કોશીસો શરૂ કરી છે. હાલમાં જ રાજકોટ આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જે રીતે સર્કિટ હાઉસમાં જુના અને નવા પદાધિકારીઓની બેઠક બોલાવી તેમાં હાજર રહેવા મળેલા આમંત્રણથી અનેક નેતાઓ ફરી લાઈન લાઈફમાં આવી ગયા છે અને તેઓ પક્ષ જે જવાબદારી સોંપે તે બજાવવા તૈયાર હોવાની તકીયા કલમ જેવા શબ્દો વારંવાર ઉચ્ચારી રહ્યા છે. તેઓને હવે વિશ્વકર્માના આગમનથી નવી આશા સર્જાઈ છે. આ ઉપરાંત જિલ્લા અને મહાનગરોમાં પ્રમુખ નિયુકત થયા છે પણ તેઓની ટીમ પણ બાકી છે અને હવે તહેવારો પુર્વે નવી ટીમ બનાવવા મંજુરી મળશે, બાદમાં તેની પણ ચર્ચા છે. બાદમાં મહાનગરપાલિકા, જિલ્લા પંચાયતોની ચુંટણી પણ આવનાર છે, આમ હવે ભાજપનુ સ્થાનિક પ્રદેશ કક્ષાનુ રાજકારણ ગરમ બનશે તે નિશ્ચિત છે. તો મંત્રી મંડળના વિસ્તરણમાં પણ મોટા ફેરફારો થશે. શનિવારે ગાંધીનગરમાં જે રીતે જગદીશ વિશ્વકર્માને પ્રમોશન મળ્યુ પછી તેઓએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે જુનીયર બનીને કામ કર્યુ છે. તેઓ હવે પ્રદેશ પ્રમુખ બનતા બંને એક જ સમાન પાવર પોજીસનમાં આવી ગયા છે. જેથી તેને લક એન્ડ ચાન્સ જેવી ગેમ ગણવામાં આવે છે. કોના પાસા કયારે પોબાર પડે તે ફકત મોવડી મંડળજ નકકી કરી શકે છે. રસપ્રદ બાબત એ છે કે નવા પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્મા આવતા તેઓએ મંત્રી તરીકે તથા પક્ષના સમારોહમાં જયાં હાજરી આપી હોય તે સમયે અનેક અગ્રણીઓએ તેમની સાથે જે તસવીરમાં તેઓ આવી ગયા હોય તે ફોટા શોધી શોધીને સોશીયલ મીડીયામાં વાયરલ કરવા લાગ્યા છે. તો અનેકે તો પોતાની ડીપી પણ બદલાવી નાંખી છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# વિકસિત ભારતનો અમૃતકાળઃ સેવા, સુશાસન, ગરીબ કલ્યાણના ૨૪ વર્ષ

૭ ઓક્ટોબર, ૨૦૦૧ એ ભારતના રાજકારણના ઈતિહાસમાં મહત્વપૂર્ણ દિવસ હતો, જ્યારે શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. સંઘના સ્વયંસેવકથી લઈને ભાજપના સંગઠનના કાર્યકર સુધીની સફર બાદ, ૫૧ વર્ષની ઉંમરે તેમણે પ્રથમ વખત રાજ્યનું સુકાન સંભાળ્યું. વિનાશક ભૂકંપ, મંદી અને અશાંતિમાં ઘેરાયેલું ગુજરાત તેમને વારસામાં મળ્યું, પરંતુ થોડાં જ મહિનાઓમાં તેમની વહીવટી કુશળતા, દૃઢ નેતૃત્વ અને દૂરંદેશીપૂર્ણ વિચારસરણીના પરિણામે ગુજરાતમાં પરિવર્તનની શરૂઆત થઈ.

શ્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી તરીકે રાજ્યના સર્વાંગી વિકાસ માટે સુશાસન, પારદર્શિતા અને જવાબદારીના સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને શાસનનું નવું મોડલ વિકસાવ્યું. પંચામૃત દર્શન — જનશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, ઊર્જાશક્તિ અને રક્ષાશક્તિ — પર આધારિત વિકાસમોડલ દ્વારા તેમણે ગુજરાતને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે ‘‘વાઈબ્રન્ટ સ્ટેટ’’ તરીકે સ્થાપિત કર્યું. ‘વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ’, ‘સ્વાગત’ ઓનલાઈન ફરિયાદ નિવારણ પ્લેટફોર્મ, ‘શાળા પ્રવેશોત્સવ’, ‘કન્યા કેળવણી રથયાત્રા’, ‘કૃષિ મહોત્સવ’, ‘ખેલ મહાકુંભ’ જેવી પહેલોએ લોકોમાં વિકાસ માટેની ભાગીદારીની ભાવના ઊભી કરી. વર્ષ ૨૦૧૪માં ભારતના વડાપ્રધાન બન્યા બાદ શ્રી મોદીએ ગુજરાત મોડલને રાષ્ટ્રીય સ્તરે વિસ્તૃત કર્યું. ‘‘સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ’’ના સૂત્ર સાથે તેમણે સમાવેશી વિકાસ અને આત્મનિર્ભર ભારતનું વિઝન રજૂ કર્યું. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, સ્વચ્છ ભારત અભિયાન, નલ સે જલ અને ખેલો ઈન્ડિયા જેવી યોજનાઓ તેમની લોકકેન્દ્રિત દૃષ્ટિની સાક્ષી છે.

ભારતે વર્ષ ૨૦૨૩માં જી-૨૦ દેશોની અધ્યક્ષતા કરી, જે તેની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાનું પ્રતિબિંબ છે. વડાપ્રધાન તરીકેના છેલ્લા ૧૧ વર્ષોમાં ભારતે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે સ્થાન મેળવ્યું છે. સંરક્ષણ, ઉડ્ડયન, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રેલવે અને બંદરોનો વિકાસ, વગેરે ક્ષેત્રોમાં અવિરત પ્રગતિ થઈ છે. વૈશ્વિક સ્તરે ‘વેક્સીન મૈત્રી’ અને ‘ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ’ જેવી પહેલોથી ભારતની કૂટનીતિને નવી ઓળખ મળી છે. ઉરી સર્જિકલ સ્ટ્રાઈક, પુલવામા એર સ્ટ્રાઈક અને પહેલગામ હુમલાના વળતા જવાબ તરીકે ઓપરેશન સિંદૂર ચલાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના સૈન્યની તાકાતનો પરચો સમગ્ર વિશ્વને આપ્યો છે.

શ્રી નરેન્દ્ર મોદીએ ૧૩ વર્ષ ગુજરાતના મુખ્યમંત્રી અને ત્યારબાદ વડાપ્રધાન તરીકેના ૧૧ વર્ષના નેતૃત્વથી વિકાસવાદી રાજકારણને નવો અર્થ આપ્યો છે. ૨૪ વર્ષની આ યાત્રા ભારતના આત્મવિશ્વાસ, પ્રગતિ અને વૈશ્વિક નેતૃત્વના નવા યુગનું પ્રતીક બની છે. પ્રસ્તુત છે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે કરેલા કાર્યો અને વિવિધ ક્ષેત્રોમાં શરૂ કરેલી યોજનાઓ અને કાર્યક્રમોની એક ઝલકઃ

### ગુજરાતને મળેલી મોટી ભેટ

* કેન્દ્રીય શહેરી બાબતોના મંત્રાલય હેઠળ લાઈટ હાઉસ પ્રોજેક્ટ માટે ગુજરાતના રાજકોટ શહેરની પસંદગી, આ પ્રોજેક્ટ હેઠળ રાજકોટમાં ૧૧૪૪ આવાસોનું નિર્માણ.
* ગિફ્ટ સિટીમાં ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર ઓથોરિટી (IFSCA) ના મુખ્યાલયની ઈમારતનો શિલાન્યાસ.
* GIFT સિટી ખાતે ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX)
* ભરૂચમાં બલ્ક ડ્રગ પાર્કનો શિલાન્યાસ.
* નવસારીમાં PM મિત્ર પાર્ક (ટેક્સટાઈલ પાર્ક)નો શિલાન્યાસ.
* ગુજરાતમાં ભાવનગર ખાતે વિશ્વના પ્રથમ સીએનજી ટર્મિનલ પોર્ટનો શિલાન્યાસ.
* અમદાવાદ ખાતે વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નિર્માણ.
* દાહોદ ખાતે ‘મેક ઈન ઈન્ડિયા’ના અભિગમ સાથે ૨૦ હજાર કરોડના ખર્ચે રેલવે પ્રોડક્શન યુનિટનું લોકાર્પણ.
* વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મે ૨૦૨૫માં ૯૦૦૦ HPનું પ્રથમ લોકોમોટિવ એન્જિન દેશને સમર્પિત કર્યું.
* ગુજરાત સરકારના વિવિધ વિભાગો હેઠળ રાજ્યની જનતા માટે ૩૩,૬૦૦ કરોડના વિવિધ વિકાસકાર્યોનું વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ અને ખાતમુહૂર્ત.

### શિક્ષણના સથવારે સર્વાંગી વિકાસ

* શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા અને ગુણોત્સવ જેવાં અભિયાનો થકી શાળાઓમાં બાળકોનું ઐતિહાસિક નામાંકન
* શ્રી નરેન્દ્ર મોદીએ પોતાને મળેલી ભેટ-સોગાદોની હરાજી કરાવીને તેમાંથી મળેલી રકમ કન્યાઓના શિક્ષણ ભંડોળમાં દાનમાં આપી
* કન્યા કેળવણી યોજનાને ઉત્તેજન આપવા માટે વર્ષ ૨૦૦૭માં કન્યા કેળવણી નિધિ યોજનાની જાહેરાત.
* રાજ્યમાં દેશનું પ્રથમ વિશ્વ સ્તરીય કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર ‘વિદ્યા સમીક્ષા કેન્દ્ર’ શરૂ કરવામાં આવ્યું.
* વર્ષ ૨૦૦૨માં રાજ્યમાં ધોરણ ૧ થી ૮ નો સ્કૂલ ડ્રોપઆઉટ રેટ ૩૭.૨૨ ટકા હતો, જે આજે ૨.૪૨ ટકા થયો
* ૨૪ વર્ષ પહેલાં રાજ્યમાં ૨૧ યુનિવર્સિટી કાર્યરત હતી, જ્યારે હાલમાં ૧૦૮ યુનિવર્સિટી કાર્યરત.
* સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી દ્વારા ગુજરાતની યુવા પ્રતિભાઓના ઈનોવેશનને નાણાકીય સહાય અને યોગ્ય પ્લેટફોર્મ
* સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓની સ્થાપનાઃ ચિલ્ડ્રન યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, બાયોટેક્નોલોજી યુનિવર્સિટી, રેલવે યુનિવર્સિટી (વડોદરા), ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટી, ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન (IITE), ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી.
* ૨૦૨૦ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા ૩૦ વર્ષ બાદ ભારતની શિક્ષણ વ્યવસ્થામાં સુધારો
* પીએમ શ્રી યોજના હેઠળ શાળાઓનું નવીનીકરણ અને વિકાસ
* તબીબી શિક્ષણમાં OBC અને EWS અનામત બેઠકો, ઉચ્ચ શિક્ષણમાં EWS અનામત ૧૦ ટકા

### ઊર્જાક્રાંતિ

* એક સમયે વીજળીની અછત સામે ઝઝૂમી રહેલું ગુજરાત આજે એનર્જી સરપ્લસ રાજ્ય
* વર્ષ ૨૦૧૨માં દેશનો પ્રથમ સોલાર પાવર પ્લાન્ટ ચારણકામાં શરૂ
* કચ્છ ખાતે વિશ્વનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક નિર્માણાધીન
* જ્યોતિગ્રામ યોજનાના માધ્યમથી રાજ્યના તમામ ૧૮ હજારથી વધુ ગામોમાં વીજળી, ગામોને ૨૪ કલાક થ્રી- ફેઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવ્યો
* સપ્ટેમ્બર ૨૦૨૪માં રાજ્યમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય રિન્યુએબલ એનર્જી સમિટ (RE-INVEST)નું આયોજન
* સૌભાગ્ય યોજના હેઠળ વીજજોડાણો આપવામાં આવ્યા
* મહેસાણાના મોઢેરા, ખેડાના સુખી અને બનાસકાંઠાના મસાલી બાદ કચ્છનું ધોરડો રાજ્યનું ચોથું સોલાર વિલેજ જાહેર
* વર્ષ ૨૦૦૧-૦૨માં રાજ્યની સ્થાપિત ક્ષમતા ૮૭૫૦ MW, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૫૫૧૩૮ MW






* વર્ષ ૨૦૦૧-૦૨માં રાજ્યમાં વીજ ઉત્પાદન ૫૦૦૬૯ મિલિયન યુનિટ, વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૧૫૬૪૯૫ મિલિયન યુનિટ
* પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના અંતર્ગત અત્યારસુધી ૪૩.૧૦ લાખથી વધુ લાભાર્થીઓને એલપીજી જોડાણ
* વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં સોલાર રૂફટોપના લાભાર્થીઓને ૭૧૫.૯૪ કરોડ રૂપિયાની સબસિડી
* પીએમ સૂર્યઘર મફત વીજળી યોજના અંતર્ગત સોલાર રૂફટોપ લાભાર્થીઓને વર્ષ ૨૦૨૪-૨૫માં ?૧૧૮૧ કરોડની સબસિડી
* PNG/LPG સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૬ લાખથી વધુ લાભાર્થીઓને લાભ
* ખેડૂતોનું હિત સુનિશ્ચિત, ખેતરે ખેતરે હરિયાળી
* કૃષિ ક્ષેત્રે આઈ-ખેડૂત પોર્ટલ, કૃષિ મહોત્સવ કાર્યક્રમ, શૂન્ય ટકાના વ્યાજદરે ખેડૂતોને લોન, ટેકાના ભાવે કૃષિ ઉત્પાદનોની ખરીદી, સોઈલ હેલ્થ કાર્ડ જેવી યોજનાઓને અમલી કરી
* ૨૧ કૃષિ મહોત્સવ દ્વારા ૨.૨૫ કરોડથી વધુ ખેડૂતોને માર્ગદર્શન
* સિંચાઈની સુવિધાઓ માટે નર્મદા નહેર, સુજલામ્ સુફલામ્ યોજના અને સૌની યોજના, ટપક સિંચાઈ અને ફુવારા સિંચાઈ પદ્ધતિ જેવી યોજનાઓ
* પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ખેડૂતોને વાર્ષિક ?૬૦૦૦ની સહાય
* છેલ્લા ૨૪ વર્ષોમાં ૬૯,૦૦૦ કિમી લાંબા કેનાલ નેટવર્કનું નિર્માણ
* કિસાન સમૃદ્ધિ કેન્દ્રો વન સ્ટોપ તરીકે વિકસિત, ખેડૂતોને ઘરઆંગણે આધુનિક સુવિધાઓ-માહિતી ઉપલબ્ધ
* ત્રિભુવનદાસ પટેલ યુનિવર્સિટી ભારતની પ્રથમ સહકારી યુનિવર્સિટી તરીકે સ્થાપિત થશે
* એમએસપી પર ખરીદીમાં દેશમાં કઠોળમાં ૭૩૫૦% અને તેલીબિયાંમાં ૧૫૦૦%નો વધારો

### પાણીનું પાણીદાર આયોજન

* વર્ષ ૨૦૦૪માં સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ૧૪ મોટી પાઈપલાઈન દ્વારા ઉત્તર ગુજરાત અને છેક ભારત-પાકિસ્તાન બોર્ડર સુધી મા નર્મદાના પાણી પહોંચ્યા
* આજે સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત ૧.૦૩ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા, ૪૦૦ ગામડાને લાભ
* પ્રથમવાર વડાપ્રધાન બન્યાના ૧૭ જ દિવસમાં સરદાર સરોવર ડેમને પૂર્ણ ઊંચાઈ સુધી લઈ જવા તેમજ તેના પર દરવાજા લગાવવાની મંજૂરી
* આજે નર્મદાના નીર દરેક ઘર અને ખેતર સુધી પહોંચ્યા, ટેક્કર રાજનો અંત
* નર્મદા પરિયોજનાથી વાર્ષિક ૧૮.૩૧ લાખ હેક્ટર વિસ્તારથી વધુમાં સિંચાઈ સુવિધા, ૧૦૪૫૩ ગામો, ૧૯૦ શહેરો અને સાત મહાનગરપાલિકાઓમાં પીવાના પાણીની સુવિધા
* સૌની (SAUNI) યોજના થકી સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં પાણી પહોંચ્યા, સૌરાષ્ટ્રના ૧૧૫ ચેકડેમ્સમાં નર્મદાના પાણી
* સૂક્ષ્મ સિંચાઈ યોજનાથી ૧૫.૩૫ લાખથી વધુ ખેડૂતોને લાભ
* રાજ્યનો ૨૩.૮૩ લાખ હેક્ટરથી વધુ વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ
* રાજ્યના ૧૫૫૬૦ ગામડાઓ અને ૨૩૮ શહેરોમાં પીવાના પાણીનો પુરવઠો સુનિશ્ચિત
* ગુજરાતના વલસાડ જિલ્લામાં એસ્ટોલ પ્રોજેક્ટ રાજ્યની જનતાને સમર્પિત
* એસ્ટોલ પ્રોજેક્ટ થકી વલસાડ જિલ્લાના પહાડી વિસ્તારોના ૧૭૪ ગામડાઓ અને ૧૦૨૮ ફળિયાઓમાં રહેનારા ૪.૫૦ લાખ લોકોને પાણી પહોંચ્યા
* સર્વ માટે વાજબી, સુલભ આરોગ્ય સેવાઓ
* સગર્ભા અને ધાત્રી માતાઓ, બાળકોને ઘરે જ પોષણયુક્ત આહાર માટે રાશન પહોંચાડવાનું શરૂ કર્યું
* રાજ્યની આંગણવાડીઓમાં મહિલાઓને પોષણયુક્ત આહાર પહોંચાડવાની શરૂઆત
* રાજ્યની કિશોરીઓને આયર્નની ગોળીઓ આપવાની શરૂઆત
* વર્ષ ૨૦૦૧-૦૨માં રાજ્યમાં આંગણવાડીની સંખ્યા ૫૯૯૫ હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૫૩૦૬૫ થઈ
* હોસ્પિટલોમાં ઈન્સ્ટિટ્યૂશનલ ડિલિવરી દર ૯૯.૫ ટકાએ પહોંચ્યો
* વિશ્વનું પ્રથમ ‘ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન’ ગુજરાતના જામનગરમાં નિર્માણાધીન.
* ગુજરાતના રાજકોટમાં અદ્યતન સુવિધાઓ ધરાવતી AIIMS હોસ્પિટલ કાર્યરત
* વર્ષ ૨૦૦૭માં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ
* ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા દ્વારા અત્યાર સુધી ૧.૩ કરોડ ઈમરજન્સી કેસ અટેન્ડ કરવામાં આવ્યા
* ગુજરાત મોબાઈલ ફૂડ ટેસ્ટિંગ વાન શરૂ કરનારું દેશનું પહેલું રાજ્ય
* કોવિડ-૧૯ મહામારી દરમિયાન સઘન રસીકરણ અભિયાન ચલાવ્યું, સમગ્ર ભારતમાં ૨૨૦ કરોડથી વધુ રસીના ડોઝ
* ગુજરાતમાં યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને એમ એન્ડ જે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થેલ્મોલોજી જેવી પ્રસિદ્ધ હોસ્પિટલોનું નિર્માણ
* છેલ્લા ૨૪ વર્ષોમાં રાજ્યમાં મેડિકલ કોલેજોની સંખ્યા ૮ (૨૦૦૧-૦૨) થી વધીને ૪૧ (૨૦૨૪-૨૫) થઈ
* એમબીબીએસની બેઠકો ૧૩૭૫ (૨૦૦૧-૦૨)થી વધીને ૭૨૫૦ (૨૦૨૪-૨૫) થઈ
* મોતિયા અંધત્વ મુક્ત ગુજરાત ઝુંબેશનું ‘ગુજરાત મોડલ’ કેન્દ્ર સરકારે અપનાવ્યું
* આભા (ABHA) સમગ્ર એબીડીએમ નેટવર્કમાં ડિજિટલ આરોગ્ય સેવાઓને સક્ષમ બનાવીને સારવારમાં સગવડ અને પારદર્શિતા સુનિશ્ચિત કરે છે.
* જન ઔષધિ કેન્દ્રોથી નાગરિકોને પરવડે તેવી દવાઓની સુવિધા.
* મિશન ઈન્દ્રધનુષ દ્વારા બાળકો અને સગર્ભા મહિલાઓને ૧૨ રોગો સામે લડવા રસી આપવામાં આવે છે

### વંચિતો વિકાસની વાટે

* વર્ષ ૨૦૦૯માં ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ, અત્યારસુધીમાં રાજ્યમાં ૧૪ ગરીબ કલ્યાણ મેળાઓના આયોજન થકી ૧.૯૧ કરોડ નાગરિકોને લાભ
* આદિજાતિ બાંધવોના કલ્યાણ અને વિકાસ માટે વર્ષ ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજનાની શરૂઆત
* સાગરકાંઠાના ગરીબ સાગરખેડુઓના કલ્યાણ અને વિકાસ અર્થે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજનાનો પ્રારંભ
* ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨માં રાજયભરના ગામડાઓમાંથી ઉચ્ચ અભ્યાસ અર્થે શહેરોમાં આવતા જીઝ, જી, ́મ્ઝઅને ઈમ્ઝવર્ગના જરૂરિયાતમંદ હોશિયાર અને મહત્વાકાંક્ષી વિદ્યાર્થીઓને શહેરોમાં વિનામૂલ્યે રહેવા, જમવા અને અન્ય તમામ સુવિધાઓ મળી રહે તેમજ આધુનિક અને વાત્સલ્યસભર વાતાવરણમાં જાતિ-જ્ઞાતિના બંધનોથી પર થઈને વિદ્યા પ્રાપ્તિ કરી શકે તે માટે એક આદર્શ અને અદ્યતન સુવિધાયુકત ‘‘સમરસ છાત્રાલયો"નું નિર્માણ
* ભારતમાં સૌપ્રથમ ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬થી સિકલસેલ એનીમિયા કંટ્રોલ પ્રોગ્રામની શરૂઆત.
* આદિજાતિ ક્ષેત્રોના વિદ્યાર્થીઓ માટે પંચમહાલ જિલ્લામાં શ્રી ગોવિંદગુરુ સિંહ યુનિવર્સિટી અને નર્મદા જિલ્લામાં બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીની સ્થાપના
* આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે મેડિકલ કોલેજ, નર્સિંગ સ્કૂલ તેમજ નર્સિંગ હોસ્ટેલની સ્થાપના.
* જનજાતીય ગૌરવ દિવસ દ્વારા આદિવાસી નાયક બિરસા મુંડાનું સન્માન

### ઔદ્યોગિક ઉત્થાન લાવ્યું સમૃદ્ધિ અપાર

* ૨૦૦૩માં SEZ અને ઈન્ડસ્ટ્રિયલ પાર્કના નિર્માણ માટે વટહુકમ બહાર પાડવામાં આવ્યો
* વર્ષ ૨૦૦૩માં આંતરરાષ્ટ્રીય સ્તરની ‘વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ’ની શરૂઆત
* વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યમાં ૪૪.૪૨ બિલિયન યુએસ ડૉલરનું FDI પ્રાપ્ત થયું
* ગુજરાતમાં મહિલા ઉદ્યોગ સાહસિકો માટે અલગ GIDC (ઔદ્યોગિક વિસ્તારો)ની શરૂઆત
* વર્ષ ૨૦૦૮માં ગુજરાતમાં ટાટા નેનોના પ્લાન્ટને મંજૂરી, આજે મારૂતિ, ફોર્ડ, હોન્ડા જેવી કંપનીઓની હાજરી સાથે ગુજરાત દેશનું ઓટોમોબાઈલ હબ
* રાજ્યની રાજધાની ગાંધીનગરમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ ટેક-સિટી (GIFT સિટી)ની સ્થાપના
* ગુજરાતમાં ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન, માંડલ બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન, પેટ્રોલિયમ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટેન્ટ રિજન (PCPIR) કાર્યરત
* ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય, જ્યાં ૪ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થશે
* ભારતે વર્ષ ૨૦૨૩માં પ્રથમ વખત ૨૨૦ દેશોની અધ્યક્ષતા કરી, જે અંતર્ગત ગુજરાતમાં ૧૮ બેઠકોનું સફળતાપૂર્વક આયોજન
* ગુજરાત આજે દેશનું ૪૦ ટકા કાર્ગો હેન્ડલ કરે છે. રાજ્યમાં ૪૮ નોન મેજર અને ૧ મેજર પોર્ટ એમ કુલ ૪૯ બંદરો કાર્યરત.
* વડોદરામાં ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ (TASL) કેમ્પસ ખાતે C-૨૯૫ એરક્રાફ્ટના ઉત્પાદન માટે ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન
* પ્રવાસનને નવી પાંખો
* વર્ષ ૨૦૦૫માં ‘રણોત્સવ’ ની શરૂઆત. ફક્ત ત્રણ દિવસીય કાર્યક્રમ તરીકે શરૂ થયેલ રણોત્સવ આજે ૪ મહિનાના લાંબા કાર્યક્રમમાં પરિણમ્યો
* યુનાઈટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા કચ્છનું ધોરડો ગામ ‘‘બેસ્ટ ટુરિઝમ વિલેજ’’ જાહેર
* પાટણની રાણકી વાવ, ધોળાવીરા, અમદાવાદ શહેર અને ચાંપાનેરનો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની યાદીમાં સમાવેશ
* વાઈબ્રન્ટ નવરાત્રિ મહોત્સવના આયોજન થકી ગુજરાતની નવરાત્રિ અને તેના ગરબાને વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધિ
* યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબાને ‘‘અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર’’ ની યાદીમાં સ્થાન
* ઉત્તરાયણના તહેવાર પ્રત્યે દેશ-વિદેશના લોકોને આકર્ષિત કરવા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની શરૂઆત
* વર્ષ ૨૦૦૯માં કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ
* વડનગરની ગાયિકા બહેનોની સ્મૃતિમાં દર વર્ષે તાનારીરી મહોત્સવ તેમજ ભારતીય નૃત્ય સંસ્કૃતિને ઉજાગર કરવા મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ કાર્યક્રમની શરૂઆત
* ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઊંચાઈ ધરાવતી, વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’નું નિર્માણ
* પાવાગઢ ખાતે મહાકાળી માતાના નવનિર્મિત મંદિરના શિખર પર ૫૦૦ વર્ષ બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ધ્વજારોહણ કર્યું
* ૬૧ કરોડથી વધુના ખર્ચે અંબાજી ખાતે ૫૧ શક્તિપીઠ પરિક્રમા પથનો વિકાસ.
* ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ અંતર્ગત સોમનાથ ખાતે સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમનું આયોજન.
* ઓક્ટોબર ૨૦૨૦માં જૂનાગઢ ખાતે એશિયાના સૌથી મોટા ગિરનાર રોપ-વેનું લોકાર્પણ
* ૧૨૦૦ કરોડના ખર્ચે સાબરમતી ગાંધી આશ્રમનો પુનઃવિકાસ કરવાનું આયોજન
* ૨૬ જાન્યુઆરી ૨૦૦૧માં આવેલા ભૂકંપનો ભોગ બનેલા નાગરિકોની યાદમાં કચ્છમાં સ્મૃતિવનનું નિર્માણ
* કચ્છના ભૂકંપમાં અંજાર શહેરમાં દટાઈ ગયેલા બાળકો અને શિક્ષકોની સ્મૃતિમાં અંજાર શહેરની બહાર વીર બાળ સ્મારકનું નિર્માણ
* વર્ષ ૨૦૨૦માં શિવરાજપુર બીચને બ્લૂ ફ્લેગ બીચ તરીકે માન્યતા મળી
* નડાબેટ સીમાદર્શન પ્રોજેક્ટ દ્વારા બોર્ડર ટુરિઝમનો વિકાસ
* UNESCO™k Prix Versailles એવોર્ડ અંતર્ગત ભુજનું સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ અને મ્યુઝિયમ વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સામેલ
* વડનગર ખાતે ૧૩,૫૨૫ ચોમી વિસ્તારમાં ભારતના પ્રથમ આર્કિયોલોજિકલ એક્સપિરિયન્શિયલ મ્યુઝિયમનું નિર્માણ
* ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં આવી ગતિ, નાગરિક સુવિધામાં પ્રગતિ
* ૨૦૦૩માં SWAGAT (સ્વાગત—સ્ટેટ વાઈડ અટેન્શન ઓન ગ્રીવાન્સ બાય એપ્લિકેશન ઓફ ટેક્નોલૉજી) કાર્યક્રમની શરૂઆત
* GSWAN દ્વારા રાજ્યના તમામ ૩૩ જિલ્લા અને ૨૪૮ તાલુકાઓમાં જોડાણ, ૬ હજારથી વધુ સરકારી વિભાગો વચ્ચે ડિજિટલ કમ્યુનિકેશનની સુવિધા
* ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં કનેક્ટિવિટી માટે પ્રગતિપથ, શહેરી વિકાસ વર્ષ અંતર્ગત વિકાસપથ, રાજ્યના પ્રવાસન સ્થળોને કનેક્ટિવિટી આપવા માટે પ્રવાસીપથ, અને ગામડાના ખેડૂતો માટે શહેરી વિસ્તારો સુધી કનેક્ટિવિટી આપવા માટે કિસાનપથ યોજનાની શરૂઆત.
* ભારત સરકાર દ્વારા જૂન ૨૦૧૫માં જાહેર થયેલા સ્માર્ટ સિટી મિશન અંતર્ગત ગુજરાતમાંથી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, દાહોદ એમ ૬ શહેરોની પસંદગી, ૧૧ હજાર કરોડથી વધુના ૩૪૮ પ્રોજેક્ટ પૂર્ણ.
* વર્ષ ૨૦૧૭માં ગુજરાતને બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ભેટ
* અમદાવાદ મેટ્રો ફેઝ-૧નું સપ્ટેમ્બર ૨૦૨૨માં, જ્યારે અમદાવાદ મેટ્રો ફેઝ-૨નું ૨૦૨૪માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા લોકાર્પણ
* સપ્ટેમ્બર, ૨૦૨૨માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતને પ્રથમ વંદે ભારત ટ્રેનની ભેટ આપી, આજે રાજ્યમાં ૫ વંદે ભારત ટ્રેનની સુવિધા.
* રાજકોટ ખાતે હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ
* વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઓખા અને બેટ-દ્વારકાને જોડતા નવનિર્મિત સુદર્શન સેતુનું લોકાર્પણ
* સુરત ખાતે ગુજરાતનું ત્રીજું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કાર્યરત
* સ્ટેચ્યૂ ઑફ યુનિટી પહોંચવું પ્રવાસીઓ માટે સરળ બને તે માટે કેવડિયા રેલવે સ્ટેશનનું ઉદ્ઘાટન
* જુલાઈ ૨૦૨૨માં તારંગા હિલથી અંબાજી આબુ રોડના ૧૧૬.૬૫ કિમી લાંબા રેલવે લાઈન પ્રોજેક્ટને મંજૂરી
* સાબરમતી નદી પર આઈકોનિક અટલ ફૂટ ઓવરબ્રિજનું નિર્માણ
* ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસાને દર્શાવવા માટે ૩૫૦૦ કરોડના ખર્ચે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) નિર્માણાધીન.
* ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં વિશ્વ સ્તરીય મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટરનું નિર્માણ
* ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં રેલવે સ્ટેશનનો અત્યાધુનિક વિકાસ કરવામાં આવ્યો.
* આ રેલવે સ્ટેશનની ઉપર જ ગુજરાત આવતા પ્રવાસીઓની સુવિધા માટે ફાઈવ સ્ટાર હોટલ ‘ધ લીલા’નું પણ નિર્માણ કરવામાં આવ્યું.
* સમગ્ર દેશમાં ઉડાન યોજના હેઠળ ૧૦ વર્ષમાં ૮૫ નવા હવાઈ મથકોનું નિર્માણ અને ૮૮ સ્થળોનું જોડાણ

### નારી શક્તિને મળી નવી પાંખ

* મહિલા અને બાળ કલ્યાણ માટેના અલાયદા વિભાગની રચના
* નારી ગૌરવ નીતિનું ગઠન કરનાર ગુજરાત દેશનું પહેલું રાજ્ય
* મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે સખીમંડળોની રચના.
* દેશમાં સૌપ્રથમ ચિરંજીવી યોજના ગુજરાતમાં અમલી, જે હેઠલ માતાઓને દવાખાનામાં વિનામૂલ્યે પ્રસૂતિ સારવાર
* દવાખાનામાં પ્રસૂતિ થયેલી માતા-બાળકને વિનામૂલ્યે સલામત ઘરે પહોંચાડવા માટે ખિલખિલાટ એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ
* સાણંદ, હાલોલ, જુનેદમાં વિશેષ મહિલા ઔદ્યોગિક પાર્ક (વુમન એન્ટરપ્રેન્યોરશિપ પાર્ક) કાર્યરત
* રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મહિલાઓ માટે ૫૦% અનામતની સિસ્ટમ અમલી
* કેન્દ્ર સ્તરે મહિલા સશક્તિકરણ માટે વિવિધ યોજનાઓ અમલી જેમ કે, પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના
* સુકન્યા સમૃદ્ધિ યોજના અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધી ૨૧.૧૧ લાખ ખાતા ખોલવામાં આવ્યા
* વડાપ્રધાનશ્રીના હસ્તે ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫થી ‘સ્વસ્થ નારી, સશક્ત રરિવાર’ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ.
* ચાલુ પગારે પ્રસૂતિ રજા ૧૨ અઠવાડિયાથી વધારીને ૨૬ અઠવાડિયા સુધી કરવામાં આવી.

### રાષ્ટ્ર પ્રથમ, જનહિતમાં સમર્પિત નેતૃત્વ

* ૨૦૧૬માં સર્જિકલ સ્ટ્રાઈક, ૨૦૧૯માં એરસ્ટ્રાઈક અન ૨૦૨૫માં ઓપરેશન સિંદૂરથી ભારતનો આતંકવાદ સામે જડબાતોડ જવાબ અને દેશના સાર્વભૌમત્વની રક્ષા.
* ઓપરેશન સિંદૂર હેઠળ નિયંત્રણ રેખાની પાર અને પાકિસ્તાનમાં છેક અંદર સુધી ૯ આતંકવાદી શિબિરોનો સફાયો કરાયો.
* ૨૦૧૪થી સંરક્ષણ નિકાસમાં ૩૪ ગણો વધારો, વૈશ્વિક સંરક્ષણ કેન્દ્ર તરીકે ભારતનો ઉદય
* ત્રિપલ તલાકનો કાયદો નાબૂદ કરીને મુસ્લિમ મહિલાઓ સામે થતા અન્યાય પર નિયંત્રણ.
* ભારતના બંધારણમાંથી કલમ ૩૭૦ અને કલમ ૩૫એ દૂર કરવાનો ઐતિહાસિક નિર્ણય.
* ઓપરેશન ગંગા હેઠળ ૨૩ હજાર ભારતીયોને યુક્રેનમાંથી સુરક્ષિત પરત લાવવામાં આવ્યા.



# મહેસાણા મહાનગરપાલિકામાં સામેલ થવા સામે દેલા ગામના ગ્રામજનોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો : ગામના પ્રવેશ દ્વાર પર લાગ્યા બેનર

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




મહેસાણાના મહાનગર પાલિકાના વિસ્તરણ હેઠળ આજુબાજુના ૧૦ ગામોનો મનપામાં ભેળવી દેવામાં આવ્યા બાદ હવે ગ્રામ્યસ્તરે વિરોધની લહેર ઉઠી છે. ખાસ કરીને દેલા ગામના ગ્રામજનોએ આ નિર્ણય સામે ખુલ્લો વિરોધ નોંધાવ્યો છે.

દેલા ગામમાં દશેરાના દિવસે મંદિરે એકત્રિત થયેલા ગ્રામજનોએ એક મતથી મહાનગરપાલિકામાં સમાવેશને લઈ અસહમતી વ્યકત કરી હતી. ગ્રામજનોએ કહ્યુ હતુ કે ગામમાં વરસોથી પંચાયત પ્રણાલીએ સારી રીતે વિકાસ કર્યો છે પરંતુ મહાનગરપાલિકામાં સામેલ થયા બાદ ગામના હીતો અને સ્વતંત્રતા પર અસર થશે. આ નિર્ણય પાછો ખેંચવામાં આવે તેવી માંગ સાથે રવિવારે ગ્રામજનોએ ગામના પ્રવેશ દ્વાર અને દુધ મંડળની ભવન પર વિરોધ ના બેનરો લગાવ્યા હતા. બેનરોમાં સ્પષ્ટ લખવામાં આવ્યુ છે કે કોઈપણ રાજકીય પક્ષના પ્રતિનિધિઓ ગામમાં પ્રવેશ ન કરે, દેલા ગામ સિવાય હેબુવા, રામપુરા અને શોભાસણ ગામની ગ્રામ પંચાયતો પણ અગાઉથી આ નિર્ણય સામે ઠરાવ પસાર કરીને અસહમતી જાહેર કરી ચુકી છે. છતાં રાજય સરકારે શહેરના વિસ્તરણ અને શહેરી સુવિધાઓને ધ્યાનમાં રાખીને આ ગામોને મહાનગરપાલિકામાં સમાવેશ કર્યા છે. આ દરમિયાન મહાનગરપાલિકા તંત્ર દ્વારા આ નવા જોડાયેલા ગામોમાં પ્રાથમિક વ્યવસ્થાઓ જળવાઈ રહે તે માટે નોડલ અધિકારીઓની નિમણુંક પણ કરી દેવામાં આવી છે તેમ છતાં દેલા ગામના લોકોનો આક્ષેપ છે કે તેમની રજામંદી વિના લેવામાં આવેલ આ નિર્ણય લોકશાહી સિધ્ધાંતોના વિરૂધ્ધ છે. ગ્રામજનોએ ચેતવણી આપી છે કે જો માંગ ન સ્વીકારવામાં આવે તો તેઓ તીવ્ર આંદોલનનો માર્ગ અપનાવશે.

# અમદાવાદ શહેરનુ વિજળીનુ બીલ રૂ.૪૦૦ કરોડ: ગુજરાતના શહેરોમાં બેફામ વીજ વપરાશ

## ૧૫૩ નગરપાલિકાઓ પાસે નાણાં નથી તેઓ ખર્ચ કરી શકે એવી હાલતમાં નથી: માર્ચ ૨૦૨૫માં ૫૩ નગરપાલિકાઓને વીજ બીલ ભરવા સરકારે ૧૯૦ કરોડ રૂપીયાની લોન આપી હતી

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતની ૫૭ નગરપાલિકામાં ૨૦૨૪ માં ૩૧૧ કરોડના વીજ બીલ ભરી શકયા ન હતા. છતાં નેતાઓ અને અધિકારીઓ ૧૨૦૦ એસી બંધ કર્યા ન હતા. ગુજરાતના વિકાસની બત્તી ગુલ કરવામાં નેતાઓ અને અધિકારીઓના વૈભવી ખર્ચા જવાબદાર માનવામાં આવે છે, કેટલાક શહેરમાં સ્ટેટ લાઈટો બંધ થઈ ગઈ હતી.

ગુજરાતના ભુજ, માંડવી,પોરબંદર, હળવદ, કુતીયાણા, પેટલાદ, પાદરા, લીંબડી, બાવળા, બારેજા, નડીયાદ, રાધનપુર, ડીસા, દહેગામ, વડાલી, સિધ્ધપુર, હારીજ, પાલનપુર, કલોલ, માણાવદર, સુત્રપાડા, બાબરા, મોરબી અને ડભોઈ શહેરોની નગરપાલિકા વીજ બીલ ભરવા નાણાંકીય રીતે સક્ષમ નથી. કેટલાક શહેરોમાં અંધકાર છવાઈ જાય તેમ હોવાથી તેનુ વીજ જોડાણ કાપવામાં આવતા નથી. ગ્રામ પંચાયતોમાં વીજ બીલ માફ છે, પંચાયતોમાં સરપંચ અને તલાટી એસી વાપરતા થયા છે. ૨૦૨૪ માં ગુજરાતની ૧૨૫ નગરપાલિકાની આર્થિક રીતે કંગાળ હોવાથી વીજ વપરાશના ૯૧૫ કરોડ ચુકવવાના બાકી હતા. સાહેબોને પરસેવો ન થાય તે માટે પ્રજાના પરસેવાની કમાણીનો ધુમાડો અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા થઈ રહ્યો છે. ૨૦૨૨-૨૩ માં વાર્ષિક લાઈટબીલ રૂપીયા ૩૨૦ કરોડ, ૨૦૨૩-૨૪ માં ૩૫૫ કરોડ થયુ હતું. કોર્પોરેશનમાં સોલાર સિસ્ટમ છે છતાં વીજ બીલ વધી રહ્યુ છે.

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના વહિવટમાં કરકસર શુન્ય છે, દર વરસે ઉત્સવ અને મહોત્સવ માટે કરોડો રૂપીયાનો ધુમાડો ભાજપ દ્વારા કરવામાં આવી રહ્યો છે. ચુંટાયેલી પાંખ અને વહિવટી તંત્ર એસી, પંખા અને લાઈટોનો બેફામ વપરાશ થાય છે. જેના પરીણામે વીજ વપરાશ વધી રહ્યો છે. ૨૦૨૨-૨૩ માં વીજ બીલ ૩૨૦ કરોડ રૂપીયા હતુ, ૨૦૨૩-૨૪ માં રૂપીયા ૩૫૫ કરોડ થયુ હતું. ૨૦૨૪-૨૫ માં વીજળીનુ બીલ રૂપીયા ૪૦૦ કરોડ થઈ ગયુ છે. બે વરસમાં વધીને તે રૂપીયા ૫૦૦ કરોડ થઈ જાય એવી શકયતા છે. અધિકારીઓ અને ચુંટાયેલી પાંખની ઓફીસમાં બબ્બે એસી મશીન, પંખા અને લાઈટો સતત ચાલતા રહે છે. કચેરીમાં નેતા અને અધિકારી હાજર હોય કે ગેરહાજર હોય પરંતુ એસી મશીન સતત ચાલતા હોય છે. જેના કારણે લાઈટ બીલનો ખર્ચ સતત વધી રહ્યો છે. સ્ટ્રીટ લાઈટ, હોસ્પીટલ, સ્વીમીંગ પુલ, એસ્ટેટ વિભાગ, વગેરેમાં પણ કરકસરના નામે શુન્ય જોવા મળે છે. નાગરીકો પાસેથી દંડ પછાડી કર વસુલ કરનાર અધિકારી અને સત્તાધારી પક્ષ આ મામલે બેદરકાર સાબિત થઈ રહી છે. ઉત્તર પશ્ચિમ ઝોનમાં વાર્ષિક રૂપીયા ૨૨ લાખ, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં રૂપીયા ૧૫ લાખ, પશ્ચિમ ઝોનમાં રૂપીયા ૨૧ લાખ, ઉત્તર ઝોનમાં રૂપીયા ૧૨ લાખ, દક્ષિણ ઝોનમાં રૂપીયા ૧૩.૮૫ લાખ, દાણાપીઠ મુખ્ય કાર્યાલયમાં રૂપીયા ૧.૧૦ કરોડનુ વાર્ષિક બીલ માત્ર એસી, પંખા અને લાઈટોનુ આવી રહ્યુ છે. અમદાવાદની દાણાપીઠ મુખ્ય કચેરી સહિત તમામ ઝોન ઓફીસ અને વોર્ડ ઓફીસ સહિતની ઓફીસમાં વીજ બીલ પેટે દર મહિને ૧૮ કરોડ રૂપીયા ચુકવવામાં આવ્યા હતા. વરસે ૨૧૬ કરોડનુ બીલ થયુ હતું. કચેરીઓમાં વીજ વપરાશ ઉપર અંકુશ લગાવવા કડક તાકીદ કરતો પરીપત્ર કરવામાં આવ્યો હતો. પણ તે માત્ર કાગળ પર સીમીત રહ્યો હતો. દાણાપીઠ ખાતે આવેલી મુખ્ય કચેરીના સી બ્લોકમાં મેયર, કમિશ્નર, હોદ્દેદારો અને ડેપ્યુટી કમિશ્નર બેસે છે, આ બ્લોકમાં દોઢ ટન અને બે ટનના ૨૦૪ એસી લગાવવામાં આવ્યા છે. શહેરની વિભાગીય કચેરીઓ ઉપરાંત સ્કુલ બોર્ડ એએમટીએસ, એમજે લાઈબ્રેરી તથા તમામ હોસ્પીટલોના ઉપરી અધિકારીઓને કમિશ્નરે તાકીદ કરતા સુચના આપી છે. રીસેશના સમયે અથવા કચેરીમાં અધિકારી કે પદાધિકારી હાજર ન હોય એવા સમયે લાઈટ, પંખા અથવા એસી સહિતના અન્ય વીજ ઉપકરણો બંધ રાખવા તથા બિન જરૂરી ઉપયોગ ટાળવા કહયુ હતુ.

# સુરતમાં આંગણવાડી બહેનોની જંગી રેલી: હાઈકોર્ટે મંજુરી આપ્યા બાદ પણ સરકારે હજુ સુધી પગાર નથી વધાર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં આંગણવાડીના કર્મચારીઓને પગાર વધારો ચુકવવા હાઈકોર્ટે આદેશ કર્યો હતો. હાઈકોર્ટના આદેશ બાદ પણ રાજય સરકારે પગાર વધારો નહી કરતા આંગણવાડી ની બહેનોમાં રોષ ફેલાયો હતો.

આજે સોમવારે સુરતમાં દક્ષિણ ગુજરાતની ૫ હજાર થી વધુ આંગણવાડીની બહેનોએ રેલી કાઢી પોતાના વિવિધ પ્રશ્નોની રજુઆત માટે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ હતું. આંગણવાડી કર્મચારી સંગઠનના પ્રવકતાએ કહ્યુ હતુ કે આજે સુરતમાં દક્ષિણ ગુજરાતની ૫ હજાર જેટલી આંગણવાડીની બહેનોએ પોતાના વિવિધ પ્રશ્નોને લઈને રેલી કાઢી છે અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ છે. તેમણે વધુમા કહ્યુ હતુ કે ગુજરાત હાઈકોર્ટે પગાર વધારાની મંજુરી આપી છે. તેમ છતાંય રાજય સરકારે હજુ સુધી પગારમાં વધારો કર્યો નથી. રાજય સરકાર તમામ વિભાગોના કર્મચારીઓને દિવાળીનુ બોનસ આપે છે. પણ અમને કયારેય બોનસ આપ્યુ નથી. જે બાબતે જિલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪ માં હાઈકોર્ટે કરેલા હુકમ સામે સરકાર અપીલ માં ગઈ હતી. આ દરમિયાન સરકારની અપીલ પર ચુકાદો આપતા હાઈકોર્ટે આંગણવાડીની બહેનોને રાહત આપી હતી. કોર્ટે આંગણવાડીના કર્મચારીઓને પગાર વધારો આપવા હુકમ કર્યો હોવાનુ પણ આંગણવાડી કર્મચારી સંગઠનના પ્રવકતાએ જણાવ્યુ હતું. હાઈકોર્ટનો હુકમ હોવા છતાં સરકારે આજ દીન સુધી કોઈ પગાર વધારો ચુકવ્યો નહી હોવાનુ તેમણે જણાવ્યુ હતું.

### સઘન પુછપરછ કરી તેઓના ડોક્યુમેન્ટ ચકાસણી કરતા તેઓ બાંગ્લાદેશી નાગરીક હોવાનું બહાર આવ્યું હતું

# ભરૂચમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશના ચાર નાગરિકો ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચ જિલ્લામાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા ૪ બાંગ્લાદેશી નાગરીકોને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભરૂચ જિલ્લામાં ગેરકાયદેસર વસવાટ કરતા બાંગ્લાદેશી નાગરીકો શોધી કાઢવા લોકલ ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમો બનાવી કામગીરી હાથ ધરાઈ હતી. દરમ્યાન બાતમી આધારે અલગ અલગ જગ્યાએથી કુલ ચાર શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરીકોને પકડી પાડી તેઓની સઘન પુછપરછ કરી તેઓના ડોક્યુમેન્ટ ચકાસણી કરતા તેઓ બાંગ્લાદેશી નાગરીક હોવાનું બહાર આવ્યું હતું. જેથી ચારેય બાંગ્લાદેશી નાગરીકોની અટકાયત કરી અંકલેશ્વર બી ડિવિઝન તથા અંકલેશ્વર જીઆઈડીસી પોલીસને સોંપ્યા હતા.

ઝડપાયેલ બાંગ્લાદેશી નાગરીકો-

(૧) મુન્ની ઝાકીર શેખ (હાલ રહે, મહેન્દ્રનગર, ગડખોલ તા-અંકલેશ્વર )

(૨) રૂકૈયા પુરકાન રશીદ શેખ (હાલ રહે, રોયલ બીલ્ડીંગ, સારંગપુર, તા-અંકલેશ્વર )

(૩) પરવીન ઓહાલ અબ્દુલસતર શેખ (હાલ રહે, રોયલ બીલ્ડીંગ, સારંગપુર, તા-અંકલેશ્વર )

(૪) રુના મોહોર શેખ (મુળ રહે, બાંગ્લાદેશ)

# પાવાગઢના દર્શનાર્થીઓને લૂંટનારી ગેંગના ચાર સાગરીત પકડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

રાજસ્થાનના પ્રતાપગઢ નજીક સિધ્ધપુર ખાતે રહેતા કેશુરામ લબાના અને તેના સંબંધી ગઈ તા.૩૦મી એ બસમાં પાવાગઢ દર્શનાર્થે જઈ રહ્યા હતા ત્યારે મધરાતે હાલોલને બદલે આજવા ચોકડી પાસે ઉતરી ગયા હતા.

ત્યારબાદ તેઓ ચાલતા ગોલ્ડન ચોકડી તરફ જઈ રહ્યા હતા ત્યારે સ્કૂટર અને મોટરસાયકલ ઉપર ચાર લૂંટારા આવ્યા હતા અને લિફ્ટ આપવાના નામે બંનેને બેસાડી અવાવરું સ્થળે માર મારીને લૂંટી લીધા હતા. આ બનાવમાં હરણી પોલીસે મોટરસાયકલ અને સ્કૂટરના નંબરને આધારે સીસીટીવી ફૂટેજ તપાસી ચાર જણાને ઝડપી પાડ્યા છે. પકડાયેલાઓમાં બે ભાઈઓ રાહુલ રામાભાઈ ચેનાની અને સિદ્ધાર્થ ચેનાની ઉપરાંત ચિરાગ ચિમ્પાન શિવપ્રસાદ અગ્રવાલ અને જગદીશ ઉર્ફે છોટુ બીપીનભાઈ રોહિત (તમામ રહે.મા શક્તિ વુડાના મકાનમાં, કમલાનગર, આજવારોડ)નો સમાવેશ થાય છે.

